સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં ભૌતિક સુવિધાઓ પુરી પાડવા માટે રૂ.૧૫.૩૯ કરોડની નવી બાબત. (વર્ષ ૨૦૨૬-૨૭)

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક:SJED/NWR/e-file/17/2025/2993/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર
**તા.ઈ-સાઈન મુજબ.**

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૭/૦૩/૨૦૨૬નો પત્ર ક્રમાંક:DDCW/0043/03/2026.

**<u>આમુખ-</u>**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના વાલીઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તેમજ આર્થિક રીતે નબળા હોવાથી તેમના બાળકો ધો.૮ પછીનો અભ્યાસ ચાલુ રાખી શકતાં નથી. જેના કારણે આ જાતિના વિદ્યાર્થીઓના કારકીર્દિ ઉપર પૂર્ણવિરામ મુકાઇ ન જાય અને આ જાતિના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ સારૂ શિક્ષણ મેળવીને પોતાની શૈક્ષણિક કારકીર્દીનું ઘડતર કરી શકે તે હેતુથી હાલમાં રાજ્યમાં ધો.૯ થી ૧૨ ના અભ્યાસક્રમવાળી આદર્શ નિવાસી શાળા ચલાવવામાં આવે છે. તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય અને તેઓ ઉચ્ચ શિક્ષણના કેન્દ્રો ખાતે રહી અભ્યાસ કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના પત્રથી આ વિભાગના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં ભૌતિક સુવિધાઓ પુરી પાડવા માટે નાણાકીય વર્ષ:૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૫.૩૯કરોડની વહીવટી મંજુરી મેળવવા અંગેની નવી બાબત અત્રે રજૂ કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:-</u>**

પુખ્ત વિચારણાને અંતે, નાણાકીય વર્ષ : ૨૦૨૬-૨૭માં આ વિભાગની વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં ભૌતિક સુવિધાઓ પુરી પાડવા માટે રૂ.૧૫.૩૯ કરોડની નવી બાબતને નીચેની શરતો ધ્યાને લઈને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**<u>શરતો:-</u>**

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.
2. ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
3. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.
4. વિભાગે નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
5. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
6. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
8. આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.
9. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.
10. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
11. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
12. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
13. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી

ગ્રાટની મર્યાદામા કરવાનો રહેશે.

15. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
16. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
17. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
18. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
19. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
20. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.
21. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
22. પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ પેટા સદર-ઓબીસી ૦૬ સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં નિવાસી સવલતો સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૦૯/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**e-SD/-**
દેવ્યાની ઝાલા
**(સેક્શન અધિકારી)**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

__નકલ રવાના-__

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર..
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ. )
- સિલેકટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by:Devyani Zala
Section Officer
Date:2026.05.02
12:55:53 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign